# ASEAN-India Ministerial Meeting

September 12, 2020

## ASEAN-ભારત મંત્રીઓની બેઠક

સપ્ટેમ્બર 12, 2020

1. 12 સપ્ટેમ્બર 2020 નાં રોજ, ભારતનાં વિદેશ મંત્રી મહામહિમ ડૉ. એસ. જયશંકરે થાઈલેન્ડનાં માજી વડાપ્રધાન અને વિદેશ મંત્રી મહામહિમ ડોન પ્રામુદવિનાઇ સાથે ASEAN-ભારત મંત્રીઓની બેઠકની સહ-અધ્યક્ષતા કરી હતી. આ બેઠક વર્ચ્યુઅલી યોજવામાં આવી હતી અને તેમાં ASEAN સભ્ય રાજ્યો અને ભારતનાં વિદેશ મંત્રીઓએ ભાગ લીધો હતો.

2. આ બેઠકમાં મેરિટાઈમ સહકાર, કનેક્ટિવિટી, શિક્ષણ અને ક્ષમતા નિર્માણ અને લોકો-થી-લોકો વચ્ચેનાં સંપર્કો સહિતનાં કેટલાક ક્ષેત્રોમાં ASEAN-ભારત વ્યૂહાત્મક ભાગીદારીની સ્થિતિની સમીક્ષા કરી હતી. તેમાં ASEAN-ભારત પ્લાન ઑફ એક્શન (2016-2020) નાં અમલીકરણમાં થયેલી પ્રગતિ પર સમીક્ષા કરી હતી. આ બેઠકમાં આગામી 17માં ASEAN-ભારત શિખર સંમેલન માટેની પૂર્વતૈયારીઓની પણ સમીક્ષા કરવામાં આવી હતી અને ASEAN સભ્ય રાજ્યો (AMS) અને ભારતનાં નેતાઓનાં અને નવેમ્બર 2019 માં બેંગકોકમાં યોજાયેલા 16મી ASEAN-ભારત શિખર સંમેલનમાં અને અગાઉનાં શિખર સંમેલનોમાં થયેલા મહત્વનાં નિર્ણયોનાં અમલીકરણમાં થયેલી પ્રગતિ પર પણ સમીક્ષા કરવામાં આવી હતી.

3. આ બેઠકમાં નવો ASEAN-ભારત પ્લાન ઑફ એક્શન (2021-2025) ગ્રહણ કરવામાં આવ્યો હતો. મંત્રીઓએ કોવિડ-19 મહામારી સામે લડવામાં સહકાર મજબૂત કરવાનાં માર્ગો પર ચર્ચા કરી હતી અને મહત્વનાં પ્રાંતિય અને આંતરરાષ્ટ્રિય વિકાસો પર દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 12, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.